## એસજી-એસવી શાળામાં ગણેશ ચતુર્થી ઉજવાઈ



એસ. જી. અને એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલમાં શનિવારે ગણેશ ચતુર્થી નિમિતે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગણેશજીના જીવન પર આધારિત નાટક, ધૂનની પ્રસ્તુતિ બાદ ગણેશજીની આરતી ઉતારવામાં આવી હતી.

## આરાધના વિદ્યાવિહારમાં કવિ સંમેલન યોજાયું



ગાંધીનગર, તા. ૩૧

આરાધના વિદ્યાવિહાર, સેક્ટર-૨૮ ખાતે કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગ લઈને બાળકોએ જુદી જુદી ભાષામાં લખાયેલી કવિતાઓની પ્રસ્તુતિ કરી હતી. કબીર, કાલિદાસ અને મીરાંબાઈ ઉપરાંત વિલિયમ વડ્ર્સવર્થ અને શેક્સપિયર વિશે બાળકોને માહિતી આપવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

બધાં દુખો દૂર થઈ જાય
પછી તમે પ્રસન્ન રહેશો
એવું માનતા હો તો
એ તમારી ભૂલ છે
હકીકત એ છે કે
તમે પ્રસન્ન રહેશો તો
બધાં દુખ દૂર થઈ જશે

## જન્મદિને વધામણી



સ્મિત સોલંકી



પ્રથમ સંજયકુમાર દરજી

## એસ. વી. પ્રિ-સ્કૂલમાં ઉજવાયો 'બલૂન ડે'



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં 'બલૂન ડે' ઉજવવામાં આવ્યો હતો. બાળકો વિવિધ પ્રકારના, રંગબેરંગી કલરના બલૂન લઈને હોંશભેર શાળામાં આવ્યા હતા. આ તબક્કે બાળકોને બ્લો બલૂન સાથે રમાતી વિવિધ ગેમ્સ રમાડવામાં આવી હતી. શાળા પરિવાર દ્વારા આખી શાળાને બલૂનથી શણગારવામાં આવી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં 'કલે મોલ્ડિંગ' એક્ટિવિટી યોજાઈ હતી, જેમાં બાળકોએ માટીથી એ,બી,સી,ડી, ૧ થી ૧૦ તથા ગણપતિ, લાડુ, ફળો, શાકભાજી જેવાં અવનવાં રમકડાંઓ બનાવ્યાં હતાં. શિક્ષકોએ બાળકો સાથે રહીને તેમને આ પ્રવૃત્તિ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## મહેન્દ્રકુમાર પટેલ પીએચડી થયા



ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામના વતની મહેન્દ્રકુમાર બળદેવભાઈ પટેલે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયમાં ડૉ. પ્રિયાંકી આર વ્યાસ (એસો. પ્રૉફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ 'ગુજરાત રાજ્યના સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોની માહિતીની જરૂરિયાત અને માહિતી મેળવવાની વર્તણૂંકનો અભ્યાસ' શીર્ષક હેઠળ મહાશોધ નિબંધ તૈયાર કર્યો હતો, જેને માન્ય રાખીને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા તેમને પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

### ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, રાજ્ય અને જિલ્લા-તાલુકા શાખાના ઉપક્રમે

## કલોલમાં રક્તદાન શિબિર અને થેલેસેમિયા નિદાન કૅમ્પ






ગાંધીનગર, તા. ૩૧

કલોલ તાલુકા કેળવણી મંડળ સંચાલિત તમામ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા રક્તદાન શિબિર અને થેલેસેમિયા નિદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી પીએચજી મ્યુનિ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અંબિકા ચાર રસ્તા, કલોલ ખાતે યોજવામાં આવેલા આ કૅમ્પ અંતર્ગત ૨૦ યુનિટ રક્ત એકત્ર થયું હતું અને ૭૬ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

કલોલ તાલુકા રેડક્રોસ તરફથી ડૉ. દિલીપભાઈ દવે અને ટીમ, રાજ્ય રેડક્રોસ તરફથી ભાવેશભાઈ ચૌહાણ, મુકેશભાઈ પારેખ અને ગાંધીનગર જિલ્લા રેડક્રોસ તરફથી અશ્વિનભાઈ દવેએ જહેમત ઉઠાવી આ કૅમ્પને સફળ બનાવ્યો હતો.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા તરફથી આ પ્રસંગે રક્તદાન તથા થેલેસેમિયા જાગૃતિ માટે પત્રિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

### શ્રાવણ માસની અમાસ નિમિત્તે રાંધેજા ખાતે

## શ્રી જાગેશ્વર મહાદેવની ૬૧મી શોભાયાત્રા






ગાંધીનગર, તા. ૩૧

શ્રાવણ માસની અમાસ નિમિત્તે રાંધેજા ખાતે શ્રી જાગેશ્વર મહાદેવ મંદિર દ્વારા શ્રી જાગેશ્વર મહાદેવની ૬૧મી શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેનાં દર્શને મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. રાંધેજાના ગ્રામજનો, સામાજિક સંસ્થાઓ, વેપારીમિત્રો દ્વારા આ શોભાયાત્રાનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં રંગતાલ પ્રિસ્કૂલ, રાંધેજાનાં નાનાં બાળકો અને રાંધેજા કેળવણી મંડળના વિદ્યાર્થીઓ દ્વારા ભગવાનની વેશભૂષા ધરીને જોડાયા હતા, જેમણે શોભાયાત્રામાં એક અનોખા આકર્ષણનો ઉમેરો કર્યો હતો. આ શોભાયાત્રાને દિલથી આવકારવા બદલ સૌ વ્યક્તિઓ, સંસ્થાઓ પ્રતિ શ્રી જાગેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# શું આપણને માતૃભાષાના શબ્દો જડે છે ?

**માતૃભાષા-ચિંતન**

**હર્ષદ પ્ર. શાહ**

આજકાલ આપણે મોટાભાગના લોકો આપણી માતૃભાષામાં શુદ્ધ રીતે બોલી શકતા નથી. આપણા બોલવામાં ઉચ્ચારશુદ્ધિને હવે બહુ છેટું પડી ગયું છે. શ, ષ અને સ - આ ત્રણ વર્ણના ઉચ્ચારમાં તો પાર વગરની અશુદ્ધિ ! 'સ્વજન'ની જગ્યાએ 'શ્વજન', 'નમસ્કાર'ના સ્થાને 'નમશ્કાર', 'ભાષા'ના સ્થાને 'ભાસા', 'વિકાસ'ને બદલે 'વિકાશ' અને આવું તો કેટલું બધું સાંભળવા મળે છે. એક દુકાનનું પાટિયું જોયું, 'સાલીમાર ટાયર્સ' ! ઘડીભર તો હું વિચારમાં પડ્યો... અર્થ કેટલો વિકૃત નીકળે ! મારાથી રહેવાયું નહીં. મારે ટાયર ખરીદવાનું નહોતું, તોય દુકાનમાં પ્રવેશ્યો. દુકાનદારને સમજાવ્યો. પાટિયાનું લખાણ સુધારવા દુકાનદારને કહ્યું. એણે ભૂલ સ્વીકારી અને ફરી થોડા દિવસો પછી ત્યાંથી પસાર થયો ત્યારે વાંચ્યું 'શાલીમાર ટાયર્સ'. આનંદ અનુભવ્યો.

આમેય દક્ષિણ ગુજરાતમાં ભાષા ઘણી અશુદ્ધપણે બોલાય. 'થ' અને 'ઠ' તો ડિસ્કો કરે ! અદલાબદલી કેવી રીતે ને ક્યારે થઈ જાય તે ખબર જ ન પડે. એક રીક્ષા ઉપર લખેલું હતું, 'રામદેવપીર જૂઠ' ! મેં રીક્ષાવાળાને પૂછ્યું, 'આ શું લખ્યું છે ?' એ પણ જેવું લખેલું હતું તેવું જ બોલ્યો. થોડી માથાકૂટ પછી હું એને 'થ' અને 'ઠ'નો ભેદ થોડો સમજાવી શક્યો... અને એને એક કાપલી પર લખી આપ્યું, 'રામદેવપીર જૂથ'. સુધારીને આમ લખજે એમ કહ્યું અને એ એણે ઝટ સુધાર્યું પણ ખરું. એ બારડોલીના મારા વિદ્યાલયનાં બાળકોને લાવવા-લઈ જવાનું કામ કરતો, તેથી હું એ સુધારો જોઈ શક્યો.

સુરતના એક પ્રાધ્યાપક મિત્રનાં પત્ની 'બાળક'ને 'બાડક' લખતાં... એ પણ મેં આઘાત સહિત જોયું છે. ઉચ્ચાર જો ખોટો થાય તો લખાય પણ ખોટું. એનાં આ બધાં ઉદાહરણો છે. આપણા રાજ્યના અનેક રસ્તાઓ પર મેં આવું લખાણ વાંચ્યું છે - 'આગળ સાંકળો પુલ છે.' તમેય જોજો, આવું જોવા મળશે. 'સાંકળો' લખનાર અને લખવાનું સોંપીને ન જોનાર અધિકારના મનની ભાષા-ગલી કેટલી સાંકડી હશે !

આ બધી તો લખવા-બોલવાની અશુદ્ધિઓની વાત થઈ... અને આવું કેવળ દક્ષિણ ગુજરાતમાં છે એવું નહીં... ગુજરાતમાં ઠેરઠેર છે. બાર ગાઉએ બોલી બદલાય તેમ ભાષાય બદલાઈ જાય. પાણીનું પોણી, મહેસાણાનું મેશાણા અને છાશનું સાઈસ પણ ઘણાએ સાંભળ્યું જ હશે. ગામડાનો અલ્પશિક્ષિત માનવી આવું બોલે તે તો સમજાય પણ ગુજરાતી ભાષા ભણાવનાર શિક્ષક પણ આવું બોલે ત્યારે ખૂંચે. શું આપણે બોલીને જ 'માન્ય ભાષા'માં પરિવર્તિત કરી દેવા માગીએ છીએ ? બોલવામાં લહેકો કદાચ ચલાવી લેવાય પણ લખવામાં તો મહેક જ જોઈએ.

હવે આપણે ઉચ્ચારના શાસ્ત્ર પછી 'ભાષાની ભેળપુરી'ના શાસ્ત્ર પર આવીએ.

'ભાષાની ભેળપુરી' નામના પોતાના લેખમાં સુરેશ દલાલ કહે છે : 'અમે સધ્ધર ગુજરાતી અધ્ધર અંગ્રેજીમાં મોટી મોટી વાતોને ફાડશું રે લોલ - ગુજરાતીઓ એમ માને છે કે અંગ્રેજી બોલવાથી વટ પડે. સમાજમાં મોભો ગણાય. ખાંડવીના વાટા વાળતા હોય તેવી સ્ટાઈલમાં અંગ્રેજી આપણે ઝીંકીએ ચીએ. કોઈને આંજી નાખવાની વૃત્તિ હોય છે. પરિણામ એ આવે છે કે અંગ્રેજી સારું નથી અને ગુજરાતી ખરાબ થતું જાય છે. એક પત્રકારે કહ્યું'તું એમ આપણે અંગ્રેજી-ગુજરાતીની ભેળપુરી કરીએ છીએ અને 'ગુજરેજી' નામની ભાષા ઉપજાવીએ છીએ. માબાપ અભણ હોવા છતાં પણ એમનાં છોકરાં અંગ્રેજીમાં બોલતા થાય અનું ગૌરવ છે. બકોર પટેલ દૂર થતા ગયા અને 'જેક એન્ડ જિલ' આવતા ગયા. રામાયણની વાત પણ આ રીતે થવા માંડી, 'રામા લીવ્ડ ઈન એ ફોરેસ્ટ.' કૃષ્ણની વાત આ રીતે થાય છે, 'ક્રિષ્નાનો રંગ તો ડાર્ક હતો. એને બટર બહુ જ ભાવે. ફ્રીજ ખોલે-બંધ કરે અને બટર લઈ લે. બૉલથી રમ્યા જ કરે. એક દિવસ બૉલ રીવરમાં પડ્યો. તે નાગની વાઈફે બૉલને અને લૉર્ડ ક્રિષ્નાને બચાવી લીધા.' સ્માર્ટ જનરેશન છે. આ રીતે જીવે છે. લંચ-ડીનર, પાર્ટી, રિસેપ્શન, પિકનિક, ફિલ્મ્સ, ડ્રામા - 'રામા લીવ્ડ ઈન એ ફોરેસ્ટ'.

ગુજરાતી શબ્દો ઘસાતા અને ભુલાતા જાય છે. અંગ્રેજી શબ્દોનું ચલણ વધતું જાય છે. કોઈને આવકારો આપવો હોય તો 'પધારો-આપનું હાર્દિક સ્વાગત છે' એવું બોલવાનું સૂઝતું નથી અને બોલાય છે, 'હાર્ટી વેલ કમ !' અભિવાદન માટે 'ગુડ મોર્નિંગ' અને આખો દિવસ 'ગુડ-ગુડ' ચાલ્યા કરે, ભલે પછી સવારે ૧૧.૪૫ વાગ્યે 'ગૂડ આફ્ટર નૂન' બોલાઈ જાય ! અને પછી ઘડિયાળ જોઈને સુધારવામાં આવે... પણ, આપણને 'નમસ્તે' કે 'જય શ્રીકૃષ્ણ' બોલવાનું યાદ આવતું નથી. પિતાજીનું અવસાન થાય તો બોલાઈ જાય... 'મારા ફાધર ઓફ થઈ ગયા.' કેમ ભાઈ, 'મારા પિતાજીનું દેહાવસાન થયું છે, એમનો સ્વર્ગવાસ થયો છે, પિતાજી કૈલાસવાસી થયા છે... એમ ન બોલાય ?' મૃત્યુ પછીની સ્થિતિ માટે આપણી સમૃદ્ધ ભાષામાં કેટલા સુંદર શબ્દો છે ! શું એ ન બોલી શકાય ?

ફરી એક વાર આપણે અહીં સુરેશ દલાલને ટાંકીએ. એમણે ખૂબ માર્મિક રીતે કહ્યું છે, 'વાંક છોકરાઓનો નથી. વાંક આપણો જ છે. આપણે ત્યાં લાયન્સ અને રૉટરીમાં બોલાતું અંગ્રેજી સાંભળ્યું છે ? 'તમને દૂધે ધોઈને પૈસા પાછા આપીશ' - એનું અંગ્રેજી સાંભળ્યું હતું.... 'આઈ શેલ વૉશ યૉર મની ઈન મિલ્ક ઍન્ડ રિટર્ન યુ બૅક.'

કરુણતા એ છે કે શ્રોતા ગુજરાતી હોય તો પણ અંગ્રેજીમાં બોલાય છે. ગુજરાતી ભાષાની ઉન્નતિની વાત હોય તો પણ અંગ્રેજીમાં કહે છે, 'ગુજરાતી લેંગ્વેજ માટે વી મસ્ટ ડુ સમથીંગ.'

કેટલાક તૈયાર સિક્કાઓ છે, જે સમજ્યા વગર વપરાતા હોય છે. હાઈ ઈન્ટરેસ્ટિંગ, વન્ડરફૂલ, ઓકે, રાઈટ, હાઉ નાઈસ વગેરે. એક બહેનને કોઈકે કહ્યું છે કે છગનબાપા મરી ગયા - તો કહે હાઉ ઈન્ટરેસ્ટિંગ !

એવું નથી લાગતું કે અંગ્રેજી શબ્દો વાપરવાની હોડમાં ને ફેશનમાં આપણે આપણી સુંદર ગુજરાતી ભાષાના અર્થસભર શબ્દો ભૂલી રહ્યા છીએ ? જગતના કોઈ પણ દેશની પ્રજાએ પોતાની ભાષાને આટલો અન્યાય નથી કર્યો. એ બધા તો પોતપોતાની ભાષાને વધુ ને વધુ સમૃદ્ધ અને પ્રચલિત કરી રહ્યા છે. ભાષા તો ખમીર જગવે છે, સ્વાભિમાન જગવે છે અને દેશાભિમાન પ્રગટાવે છે. આપણી ભાષાને ભૂલીને આપણે ક્યાં જઈશું ? સોનું છોડીને કથીરને પકડવા જેવી આ વાત છે. અતિ વૈજ્ઞાનિક, અતિ સુંદર, અતિ મધુર એવી આપણી ગુજરાતી ભાષાને ભૂલવું બહુ મોંઘું પડશે. એમાં જ સંસ્કૃતિનો વિનાશ છુપાયેલો છે. એમાં જ ગુલામીનો કાળો ઓછાયો સમાયેલો છે.

આપણા રોજબરોજના વ્યવહારમાં, સરકારી કામકાજમાં આપણે પરભાષાને કેટલું બધું મહત્ત્વ આપી દીધું છે કે આપણી ભારતીય ભાષાઓ જોખમમાં મુકાતી જાય છે.

માતૃભાષા એ આપણી ઓળખ છે, માનો ખોળો છે. એના ખોળામાં માથું મૂકીને સૂવાથી અનેરી શાતા મળશે. માતૃભાષાને આપણે... એના ભાષકો... એના પુત્રો અસ્ખલિત પ્રેમ કરતાં રહીશું તો એ આપણને વાણી અને વિકાસનું વરદાન જરૂર આપશે.

ચાલો, વહેલી તકે જાગી જઈએ.

પ્રતિભાવ આવકાર્ય : matrubhasha.gaurav@gmail.com

## વાત કસોટીની

॥ બીજો મણકો ॥

**150 ગાંધીયાત્રા**

જે ભાઈએ આશ્રમના નિયમો પાળનારા અંત્યજોના પ્રવેશ વિશે પ્રથમથી જ શંકા કરી હતી તેમને તો આશ્રમમાં અંત્યજ દાખલ થવાની આશા જ નહોતી. પૈસાની મદદ બંધ પડી. બહિષ્કારની અફવા મારે કાને આવવા માંડી. મેં સાથીઓની સાથે વિચારી મેલ્યું હતું: 'જો આપણો બહિષ્કાર થાય ને આપણી પાસે કશી મદદ ન રહે તોયે આપણે હવે અમદાવદ નહીં છોડીએ. અંત્યજવાડામાં જઈને તેમની સાથે રહીશું, ને જે કંઈ મળી રહેશે તેની ઉપર અથવા મજૂરી કરીને નિર્વાહ કરીશું.'

છેવટે મગનલાલે મને નોટિસ આપી: 'આવતે મહિને આશ્રમખર્ચ ચલાવવાના પૈસા આપણી પાસે નથી.' મેં ધીરજથી જવાબ આપ્યો: 'તો આપણે અંત્યજવાડે રહેવા જઈશું.'

મારી ઉપર આવી ભીડ પહેલી વાર નહોતી. દરેક વારે છેલ્લી ઘડીએ શામળાએ મદદ મોકલી દીધી છે.

મગનલાલે નોટિસ આપ્યા પછી તુરત જ એક સવારે કોઈ બાળકે ખબર આપ્યા: 'બહાર મોટર ઊભી છે, ને એક શેઠ તમને બોલાવે છે.' હું મોટર પાસે ગયો. શેઠે મને પૂછ્યું: 'મારી ઈચ્છા આશ્રમને કંઈ મદદ દેવાની છે, તમે લેશો?' મેં જવાબ આપ્યો: જો કંઈ આપો તો હું જરૂર લઉં. મારે કબૂલ કરવું જોઈએ કે અત્યારે હું ભીડમાં પણ છું.'

'હું કાલે આ જ વેળાએ આવીશ ત્યારે તમે આશ્રમમાં હશો?' મેં હા કહી ને શેઠ ગયા. બીજે દહાડે નીમેલે સમયે મોટરનું ભૂંગળું વાગ્યું. બાળકોએ ખબર આપી. શેઠ અંદર ન આવ્યા. હું તેમને મળવા ગયો. તેઓ મારા હાથમાં રૂ. ૧૩,૦૦૦ની નોટો મૂકી ચાલતા થયા.

આ મદદની મેં કદી આશા નહોતી રાખી. મદદ આપવાની આ રીત પણ નવી ભાળી. તેમણે આશ્રમમાં પહેલાં કદી પગ મૂક્યો નહોતો. તેમને હું એક જ વાર મળ્યો હતો એવું મને યાદ છે. ન આશ્રમમાં આવવું, ન પૂછવું; બારોબાર પૈસા આપીને ચાલતા થવું. મારો પહેલો જ અનુભવ હતો. આ મદદથી અંત્યજવાડામાં જવાનું આળસ્યું. લગભગ એક વર્ષનું ખર્ચ મને મળી ગયું. પણ જેમ બહાર ખળભળાટ થયો તેમ જ આશ્રમમાંયે થયો. જોકે દક્ષિણ આફ્રિકામાં મારે ત્યાં અંત્યજો વગેરે આવતા, રહેતા, જમતા, પણ અહીં અંત્યજ કુટુંબનું આવવું પત્નીને અને બીજા સ્ત્રીમંડળને ગમ્યું એમ ન કહેવાય. દાનીબહેન પ્રત્યેનો અણગમો નહીં તો તેમના પ્રત્યેની ઉદાસીનતા, એવી બાબતમાં મારી બહુ ઝીણી આંખ જોઈ જતી અને તીણા કાન સાંભળી જતા. (ક્રમશઃ)

**સૌજન્ય : સત્યના પ્રયોગો**